Gujarati Midday Pg 07, 04th Jan 2021

# ભારતમાં ક્રિપ્ટોકરન્સીનો પ્રથમ ઇન્ડેક્સ 'આઇસી૧૫'નો પ્રારંભ

ક્રિપ્ટોકરન્સી અને બ્લૉકચેઇન ક્ષેત્રે જ્ઞાનનો પ્રસાર કરવાના ઉદ્દેશથી ''ક્રિપ્ટોવાયર' ગ્લોબલ સુપર ઍપ દ્વારા ભારતના ક્રિપ્ટોકરન્સીનો પ્રથમ ઈન્ડેક્સ 'આઈસી૧૫'નો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. ટિકરપ્લાન્ટના સ્પેશ્યલ બિઝનેસ યુનિટ 'ક્રિપ્ટોવાયર'નો આ ઈન્ડેક્સ ક્રિપ્ટોકરન્સી માર્કેટને આવરી લેનારો નિયમ આધારિત વ્યાપક ઈન્ડેક્સ છે, જેમાં વિશ્વનાં અગ્રણી ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જિસ પર લિસ્ટેડ ક્રિપ્ટોકરન્સીની કામગીરીનું પ્રતિબિંબ ઝીલવામાં આવે છે. એક્સચેન્જિસ પરની સૌથી વધુ પ્રવાહિતા ધરાવતી ટોચની ૧૫ ક્રિપ્ટોકરન્સીની કામગીરીને એમાં ટ્રેક કરવામાં આવે છે. ક્રિપ્ટોવાયરની અખબારી યાદી મુજબ આઈસી૧૫ ઈન્ડેક્સ આ માર્કેટની હિલચાલના ૮૦ ટકા કરતાં વધુ હિસ્સાનું પ્રતિબિંબ પાડે છે અને એથી જ ફંડામેન્ટલ માર્કેટને ટ્રેક કરવામાં વધુ અસરકારક બને છે.

નોંધનીય છે કે આઈસી૧૫માં હાલ બીટકૉઈન, ઈથીરિયમ, બિનાન્સ કૉઈન, સોલાના, કાર્ડાનો, એક્સઆરપી, ટેરા, એવલાંશ, પોલ્કાડોટ, ડોજીકોઈન, શિબા ઈનુ, યુનિસ્વૉપ, લાઈટકૉઈન, ચેઇનલિંક અને બીટકૉઈન કેશ એ ૧૫ ક્રિપ્ટોકરન્સીને આવરી લેવામાં આવી છે.